# વન-ડે વર્લ્ડકપનાં ગૌરવશાળી પચાસ વરસ

વન ડે વર્લ્ડકપ સ્પર્ધાની વરસોની આ વરસે અરધી સદી પૂરી થઈ. 1975માં તેનો પ્રારંભ થયો વન-ડે મેચો, ટેસ્ટ મેચોમાં હતાં એ જ રહ્યા. ટીમોએ માત્ર સાંઠ સાંઠ ઓવરો રમવાની. આજના જેવો પોષાક પરનો કે સ્ટેડિયમમાં જોવા મળતો રંગ-બેરંગી શણગાર ન હતો. પાંચ-પાંચ દિવસની અને મુખ્યત્વે ટીચૂક ટીચૂક ચાલતી મેચોથી લોકો કંટાળી ગયા હતા. પ્રેક્ષકો ઘટવા માંડ્યા એટલે વન-ડેનું ફોર્મેટ ઘડાયું. ટેસ્ટ મેચો રમવાને ટેવાયેલા ત્યારના ક્રિકેટ-સુપર સ્ટાર સુનિલ ગાવસ્કર, 1975માં ઈંગ્લેન્ડ સામેની વનડે ગ્રુપ મેચમાં પૂરેપૂરી સાઠ ઓવર રમ્યા અને માત્ર છત્રીસ રન કર્યા હતા. વન-ડેની રમતને એ બરાબર સમજી શક્યા ન હતા. બીજા નામી ક્રિકેટરોમાં પણ એ સ્પિરિટ જાગ્યો ન હતો. એ પ્રથમ વર્લ્ડ કપ યોજાઈ તેના ચાર વરસ અગાઉ જ દુનિયાની પ્રથમ વન-ડે રમાઈ હતી. કોઈએ ધાર્યું ન હતું કે ફોરમેટની વર્લ્ડકપ મેચો ત્યારપછીના ભવિષ્યમાં 171 અબજ રૂપિયાનું વિશાળ અર્થતંત્ર ખડું કરી દેશે.

પ્રથમ ODI મેચ 1971માં મેલબોર્ન ખાતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. મજાની વાત એ છે કે 1975માં પ્રથમ વર્લ્ડ કપ યોજાયો તેના બે વરસ અગાઉ 1973માં ઈંગ્લેન્ડમાં જ મહિલા વનડે વિશ્વકપ યોજાઈ ચૂક્યો હતો. વીમેન ફર્સ્ટ અહીં સાચું પુરવાર થયું છે. પચાસ વરસમાં પુરુષોના વિશ્વકપે માત્ર ચડાવ જોયો છે, એક પ્રસંગોને અપવાદ ગણીએ તો! મેદાનમાં અને બહાર ઘણા યાદ રહી જાય તેવા પ્રસંગો બન્યા છે. 1975 બાદ દર ચાર વરસે તે યોજાય છે અને પ્રથમ ત્રણ વર્લ્ડ કપ મેચો ઈંગ્લેન્ડની એક વીમા કંપનીએ સ્પોન્સર કરી હતી તેથી પ્રુડેન્શિયલ કપ તરીકે ઓળખાતી રહી હતી. પ્રથમ બે વિશ્વકપ





(1975 અને 1979) વેસ્ટ ઈંડિઝે જીત્યા હતા. 1983માં વેસ્ટઈન્ડિઝને ફાઈનલમાં હરાવીને ભારતે જીત મેળવી ત્યારે રાતભર અને દિવસો સુધી ભારતના લોકોમાં અવર્ણનીય આનંદ છવાઈ ગયો હતો. આ ઘટનાને આજે પણ ખૂબ યાદ કરાય છે. ત્યારે બધા લોકોના ઘરમાં રંગીન ટીવી આવ્યા ન હતા. પ્રસારણ પણ આજની માફક ઉત્તમ કોટીનું ન હતું છતાં લગભગ આખા ભારતે એકત્ર વળીને એ ફાઈનલ જોઈ હતી.

બીજા વિશ્વકપની ફાઈનલમાં ઈંગ્લેન્ડમાં ધીમી ગતિએ રમી રહેલા મશહૂર જ્યોફ્રી બોયકોટને કેચ વેસ્ટ ઈન્ડીઝના કપ્તાન ક્લાઈવ લોઈડે ઈરાદાપૂર્વક પડતો મૂક્યો હતો એવી વાત ચાલી હતી. જ્યારે ક્લાઈવ લોઈડને પૂછવામાં આવ્યું ત્યારે એ બોલ્યા કે, આ વાત સાચી નથી. પણ ઈરાદાપૂર્વક પડતો મૂકવામાં આવ્યો હોય તો પણ તે કંઈ ખરાબ વ્યૂહ નથી.' લોઈડની વાત ખોટી નથી. બોયકોટ રન ન બનાવે તે તેમાં બોયકોટનો દોષ છે, અને ધીમે ધીમે રમતા ખેલાડીને વેસ્ટ ઈન્ડિઝ ટકાવી રાખે તો તેમાં વેસ્ટ ઈન્ડિઝને જ ફાયદો થયો. એ કપ જીતી ગયું.

એ જ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના બેટસમેન કોલીન કિંગ બેટિંગ કરવા જઈ રહ્યો હતો ત્યારે એના ગ્લોઝમાં બ્રાન્ડીની એક મિનિએચર બોટલ હતી. તેમાં કેવી રીતે હતી તે કોઈ જાણતું નથી. પીચપર જઈને એણે સાંસઠ (66) બોલમાં છયાંશી (86) રન ઝૂડી કાઢ્યા. આઉટ થઈને લોર્ડસના પેવેલિયનમાં પાછો ફર્યો ત્યારે એણે એ બોટલ ફેંકી દીધી હતી.

વરસ 1992ની આવૃત્તિમાં નબળી શરૂઆત બાદ કપ્તાન ઈમરાન ખાને ટીમને જુસ્સો ચડાવવા માટે કહ્યું કે, 'એક ખુણામાં ઘેરાઈ ગયેલા વાઘની માફક લડો.' એ કપ પાકિસ્તાને મેળવ્યો પણ ઈમરાન ખાન બોલ્યા હતા તે આજે બીજી રીતે સાર્થક થયું છે. વાઘની જેવા રંગબેરંગી પોષાક, સફેદ બોલ અને સાઠમાંથી ઘટાડીને પચાસ ઓવરની મેચ થઈ છે. દરેક બોલનું ટાઈમ શિડ્યુલ બરાબર જળવાય છે અને પાવરપ્લે અને બીજા કેટલાક ચટાકેદાર મસાલા ઉમેરાયા છે. એમ્પાયરના નિર્ણયને પડકારી શકાય છે.

ન્યૂઝીલેન્ડના ઓપનર માર્ક ગ્રેટ બેચે શરૂતઆમાં ધીમે રમવાને બદલે ધમાકેદાર બેટિંગનું વલણ અપનાવ્યું અને 1996માં શ્રીલંકા આ એપ્રોચને વધુ



**દુનિયામાં સૌથી વધુ જોવાતી રમતગમતોમાં ODI વર્લ્ડકપ પણ છે. 2011નો કપ 200 દેશોમાં ટેલિવાઈઝ થયો હતો અને 220 કરોડ પ્રેક્ષકોએ જોયો હતો. 2019માં તે પ્રમાણ ઘટ્યું હતું**




ઊંચાઈ પર લઈ ગયું. સનત જયસૂર્યા અને રોમેશ કાલુ વિથરનાર ઈંગ્લેન્ડ સામેની ક્વાર્ટ-ફાઈનલમાં ભૂખ્યા વાઘની માફક ત્રાટક્યા. જયસૂર્યાએ 44 બોલમાં 82 રન બનાવ્યા. ત્યારની શ્રીલંકાની આખી ટીમ ખુબ મજબૂત હતી. શ્રીલંકાના ક્રિકેટ બોર્ડ પાસે કોઈ ખાસ મૂડી ન હતી. આ ટાપુ દેશ આંતરિક યુદ્ધ અને ત્રાસવાદનો સામનો કરી રહ્યો હતો. સ્ટાર બોલર મુથ્યાહ મુરલીધરનને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરિઝમાં બોલને થ્રો કરવાના આરોપ હેઠળ વર્લ્ડકપમાં રમવા દેવાયો ન હતો. પરંતુ આ પરિસ્થિતિઓએ શ્રીલંકાની ટીમને હતાશ કરવાને બદલે ચેતના પૂરી પાડી. એ કપમાં શ્રીલંકાની ટીમને હતાશ કરવાને બદલે ચેતના પૂરી પાડી. એ કપમાં શ્રીલંકા જેટલી મેચો રમ્યું તે તમામ જીત્યું અને રનોની આતશબાજી સાથે જીત્યું. તે તમામ જીત્યું અને રનોની આતાશબાજી સાથે જીત્યું. એ વખતે કોમેન્ટરીમાં ટોની ગ્રેગ બોલ્યા હતા કે શ્રીલંકનો એવી રીતે રમે રહ્યા છે. કે 'ઓસ્ટ્રેલિઅના છૂપાઈ જવાની જગ્યા શોધી રહ્યા છે. શ્રીલંકનો માત્ર જીતતા નથી, ગ્રેટ સ્ટાઈલમાં જીતે છે.'

પ્રથમ ત્રણ વર્લ્ડકપ ઈંગ્લેન્ડમાં રમાયા હતા. 1987 થી ICCના ચૌદ મેમ્બર દેશોમાં ક્રમાનુસાર રમવાનું શરૂ થયું. હાલની ફોરમેટમાં ક્વોલિફિકેશન માટેનો તબક્કો ઉમેરવામાં આવ્યો, એ ક્વોલીફિકેશન મેચો અગાઉના ત્રણ વરસમાં રમાય છે.


યજમાન દેશની ટીમ સહિત ક્વોલીફાઈ થયેલી નવ ટીમો સહિત કુલ દસ ટીમો યજમાન દેશ, અથવા દેશોમાં, એક મહિના સુધી કપ જીતવા માટેની મેચો રમે છે. આગામી 2027ના વર્લ્ડકપ માટે આ ફોરમેટ બદલવામાં આવશે અને આખરી સ્પર્ધા માટે દસને બદલે ચૌદ ટીમો લડશે. 2023ની ટુર્નામેન્ટમાં વિજય સાથે ઓસ્ટ્રેલિયાએ છ વખત, ભારત અને વેસ્ટ ઈન્ડિઝે બે-બે વખત જ્યારે પાકિસ્તાન, શ્રીલંકા અને ઈંગ્લેન્ડે એક એક વખત કપ જીત્યો છે. 2027ની ટુર્નામેન્ટ સંયુક્તપણે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાવ્વે અને નામીબીસ્તમાં રમાશે.

**સારાંશ**

**★વિન્સી મરચન્ટ**

વરસ 1987ની સ્પર્ધા સંયુકતપણે ભારત અને પાકિસ્તાનના યજમાનપદે યોજાઈ હતી. ભારતીય ઉપખંડમાં ઈંગ્લેન્ડની સરખામણીમાં ઊનાળાના દિવસો ટુંકા હોવાથી સાઠ ઓવરથી ઘટાડીને પચાસ કરાઈ પરિણામે મેચો વધુ રસપ્રદ બની. 1992ના કપમાં ડે-નાઈટ મેચોનું આયોજન થવા લાગ્યું. રંગભેદની નીતિના કારણથી દુનિયાએ દક્ષિણ આફ્રિકાનો બહિષ્કાર કરી રાખ્યો હતો, તે શાસન પરિવર્તનના પરિણામે ખતમ થયો અને દક્ષિણ આફ્રિકા 1992થી સભ્ય બન્યું. 1996માં શ્રીલંકાના સમાવેશ સાથે ભારતીય ઉપખંડ ફરીથી યજમાન બન્યો. કોલકાતાનાં ઈડન ગાર્ડન ખાતે ભારત અને શ્રીલંકા વચ્ચેની સેમી-ફાઈનલમાં શ્રીલંકાએ 252 (બસ્સો બાવન) રન કર્યા. જેની સામે જવાબમાં ભારત માત્ર આઠ વિકેટ પર 120 રન પર પહોંચ્યું. સ્ટેડિયમમાં અમુક પ્રેક્ષકો ભારતની ટીમની કંગાળ રમત સામે ક્રોધે ભરાયા અને તોફાન મચાવ્યું અમુક ચીજોને આગ લગાવી. શરમનાક હાર બાબતે દર્શકોનું વર્તન પણ શરમજનક અને લાંછનીય રહ્યું. પ્રદર્શના આધારે શ્રીલંકાને, એ મેચ પૂરી નહીં થઈ તો પણ વિજેતા જાહેર કરાયું અને તે માટે તે લાયક પણ હતું. લાહોર ખાતેની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને સાત વિકેટથી હરાવી શ્રીલંકાએ પ્રથમ કપ મેળવ્યો.

વરસ 2007માં યજમાન તરીકે વેસ્ટ ઈન્ડિઝના દેશો હતા. એ ટુર્નામેન્ટમાં સોળ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ગ્રુપ સ્ટેજમાં આયરલેન્ડ પ્રથમ વખત રમ્યું હતું. એ રમતમાં પાકિસ્તાન હારી ગયું બાદ પાકિસ્તાનના કોચ બોબ વૂલ્મરનો મૃતદેહ હોટેલની એક રૂમમાંથી મળી આવ્યો હતો. જમૈકાની પોલીસે પ્રારંભમાં એમનું ખૂન થયું હોવાનો આધાર લઈને તપાસ ચલાવી હતી, પરંતુ પાછળથી જાહેર કરાયું હતું કે હૃદયરોગના હુમલાથી એમનું મૃત્યુ થયું હતું. છતાં હજી ઘણાને શંકા છે કે કોઈક પાકિસ્તાનીએ હત્યા કરી હતી. એ કપની ફાઈનલ પ્રકાશની ખૂબ નબળી વ્યવસ્થામાં શ્રીલંકાને હરાવીને ઓસ્ટ્રેલિઆએ જીતી હતી. 2009માં પાકિસ્તાનમાં શ્રીલંકાની ટીમ પર ત્રાસવાદી હૂમલો થયો હતો તે કારણથી 2011ની ટુર્નામેન્ટ ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશના યજમાન પદે યોજાઈ અને પાકિસ્તાનને બાકાત કરાયું.



પાકિસ્તાનમાં જે મેચો યોજાવાની હતી તે બાકીના યજમાન દેશોમાં વહેંચી દેવાઈ હતી. પરંતુ પાકિસ્તાન સામેની ફાઈનલ ગ્રુપ સ્ટેજની મેચ ઓસ્ટ્રેલિયા હારી ગયું અને 1999થી વર્લ્ડ કપની સતત 35 મેચો જીતવાનો ઓસ્ટ્રેલિયાનો સીલસીલો શરૂ થયો હતો તે ખતમ થયો. ફાઈનલમાં વાનખેડેમાં શ્રીલંકાને છ વિકેટથી હરાવી ભારત વિજેતા બન્યું. એ મેચમાં એમ.એસ. ધોની અને યુવરાજ સિંહે યાદગાર રમત રમીને 275 રનનો પીછો કર્યો, જેમાં ગંભીર કોહલીનું પણ નોંધપાત્ર યોગદાન હતું.

દુનિયામાં સૌથી વધુ જોવાતી રમતગમતોમાં ODI વર્લ્ડકપ પણ છે.

2011નો કપ 200 દેશોમાં ટેલિવાઈઝ થયો હતો અને 220 કરોડ પ્રેક્ષકોએ જોયો હતો. 2019માં તે પ્રમાણ ઘટ્યું હતું. ICCના ફીગર પ્રમાણે 160 કરોડ લોકોએ તેનું પ્રસારણ જોયું હતું. ભારત અને પાકિસ્તાનની એક ગ્રુપ રમત ત્રીસ કરોડથી વધુ લોકોએ જોઈ હતી.

વિશ્વકપની મેચોમાં સૌથી વધુ 2278 રન કરવાનો વિક્રમ સચિન તેંદુકરના નામે છે. સૌથી રસાકસી 1999માં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ ત્યાર પછીનાં વીસ વરસ બાદ 2019ની ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ સૌથી દિલધડક બની હતી. કપિલદેવે કહ્યું હતું કે જો તમે સારી ક્રિકેટ રમો તો બીજી અનેક નબળી બાબતો ઢંકાઈ જાય છે.